# આપ જાણો છો ?

૧. વીશાનીમા જ્ઞાતિના કુળદેવ શ્રીદેવગદાધર શામળાજી ભગવાન છે.

૨. વીશાનીમા જ્ઞાતિની કુળદેવી સર્વમંગલા છે.

૩.. વીશાનીમા જ્ઞાતિના ઇષ્ટદેવ શ્રીનાથજી છે.

૪. વીશાનીમા જ્ઞાતિજનોના ગુરુ શ્રી મહપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી છે. અને ભૂતળ પર બિરાજમાન શ્રીવલ્લભકુળના બાળકો ગુરુદ્વાર છે.

૫. બહુમતી વીશાનીમા વૈષ્ણવ જ્ઞાતિજનો ચતુર્થગૃહ શ્રીમદ્ ગોકુલના સેવકો છે. મહુધા / વડોદરામાં વસતા કેટલાક જ્ઞાતિજનો પંચમગૃહ / કામવનના સેવકો, કેટલાક છઠ્ઠા ઘરના અને કયાંક શ્રીસ્વામીનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ પણ છે.

૬. દરેક જ્ઞાતિજને શ્રીવલ્લભકુળ પાસે નામદીક્ષા (કંઠીદીક્ષા) લેવી અનિવાર્ય છે.

. ભગવદ્સેવા સાથે સમર્પિત જીવન જીવવા ઇસ્છતા વૈષ્ણવ માટે જ બ્રહ્મસંબંધ દીક્ષા છે, સૌના માટે તે નથી.

॥ શ્રી ગોકુલેશો જયતિ ॥

## = વીશાનીમા જ્ઞાતિ =

### • કુળદેવ અને કુળદેવી •

એકવાર બ્રહ્માજીને પૃથ્વી પર ઉત્તમ તીર્થ જાણવાની ઈચ્છા થઈ. આથી ભૂમંડળ પર આવીને તેઓએ સર્વ તીર્થો પ્રયાગ, પુષ્કર, પ્રભાસ વગેરે જોયા.પરતું બ્રહ્માજીના ચિત્તમાં પ્રસન્નતા થઈ નહિ. અંતે ગુજરાતના ગદાધર ક્ષેત્રેને જોતા બ્રહ્માજીના અંતઃકરણમાં પ્રસન્નતા થઈ. આથી બ્રહ્માજીએ અહી એક હજાર વર્ષ સુધી કઠોર તપ કરવાનો નિર્ણય કર્યો. તપના પ્રભાવથી ભગવાન શ્રીશંકર પ્રસન્ન થયા અને બ્રહ્માજીની વિનંતીથી ગદારક્ષેત્રમાં એક યજ્ઞ કરવાની અનુમતિ આપી, યજ્ઞ કરવાનો નિશ્ચય કરી બ્રહ્માજીએ ભૂમંડળમાં હજારો વિદ્વાન બ્રાહ્મણો, ઋષિમુનિઓ વગેરેને આમંત્રિત કર્યા. યજ્ઞમાં આવેલા જ્ઞાની બ્રહ્મજનોના હાથપગ બ્રહ્માજીએ સ્વહસ્તથી ધોયા. હાથપગ ધોતી વખતે બ્રાહ્મણોના હાથમાંનું જળ આ તીર્થમાં પડયું આથી આ તીર્થનું નામ **<u>“કરામ્બુક તીર્થ”</u>** પડયું. યજ્ઞનો આરંભ થતાંજ ભગવાન શ્રીવિષ્ણુ ચતુભુર્જ શ્યામ સ્વરૂપે પ્રગટ થયા. બ્રહ્માજીએ પ્રસન્નતાથી ભગવાનની સ્તુતિ કરી. બ્રહ્માજીની પ્રાર્થનાથી ભગવાને કરામ્બુક ક્ષેત્રમાં સદા વાસ કરવાનું વચન આપ્યું અને ભગવાન શ્રીવિષ્ણુ મોટી ગદા ધારણ કરી સાક્ષાત ચતુર્ભુજ શ્યામ સ્વરૂપે આ તીર્થ ક્ષેત્રમાં બિરાજ્ય ત્યારથી આ ક્ષેત્ર **“ગદાધરક્ષેત્ર”** નામે પ્રસિદ્ધ થયું, જે હાલ

શામળાજી નામે જગવિખ્યાત છે. આજે ભગવાન શ્રીદેવગદાધર વિષ્ણુ ભવ્ય મંદિરમાં બિરાજીને સૌને સાક્ષાત પ્રગટ દર્શન આપી રહ્યા છે.

યજ્ઞ સમયે ભૂમંડળના સર્વ તીર્થોના દેવોને બ્રહ્માજીને આમત્રણ આપ્યું હતું. સર્વ તીર્થોમાં જે શ્રેષ્ઠ હોય તેને પૂજાનો અર્ધ્ય આપવાના નિયમ અનુસાર બ્રહ્માજીએ પ્રશ્ન પૂછ્યો : 'હે તીર્થો ! તમારામાં શ્રેષ્ઠ કોણ છે ? " આ પ્રશ્ન સાંભળી સૌ તીર્થો શાંત રહ્યા. પરંતુ કરામ્બુક તીર્થે ગર્વથી જવાબ આપ્યો. " હું સર્વથી શ્રેષ્ઠ છું, કારણકે ભગવાન શ્રીદેવગદાધર વિષ્ણુનું હું નિવાસ્થાન છું ." આ સાંભળી ધર્મરાજા બોલ્યા:" આ અસત્ય છે સજ્જનો કદી પણ પોતાના ગુણગાન કરતા નથી. અને મહત્તા પ્રગટ દર્શાવતા નથી. આ કરામ્બુક ક્ષેત્ર પર ભગવાન શ્રીદેવગદાધરની કૃપા છે એ વાત સાચી છે. પરંતુ તેને ગર્વથી જવાબ આપ્યો છે માટે હું તેને શાપ આપું છું કે તે જગતમાં અપ્રસિદ્ધ અને ગુપ્ત રહેશે " ધર્મરાજાનો આ શાપ સાંભળી સર્વ તીર્થો બોલ્યો કે આં કરામ્બુક ક્ષેત્રમાં ભગવાન શ્રીદેવગદાધરનો નિવાસ છે. આથી તેને શાપ આપવો ઉચિત નથી. આથી તો સ્વયં ભગવાન શ્રીદેવગદાધરનું અપમાન થાય છે. અંતે બ્રહ્માજીની વિનતીથી ધર્મરાજાએ શાપના નિવારણરૂપે કરામ્બુક ક્ષેત્ર પર અનુગ્રહ કરતા કહ્યું : "ત્રેતાયુગનાં પ્રારંભે અયોધ્યાના મહારાજા હરિશ્ચંદ્ર અહીં પધારી યજ્ઞ કરશે અને ત્યારબાદ ફરીથી આ તીર્થ પ્રસિદ્ધ થશે. વિશેષમાં કાર્તિક માસની પૂર્ણિમાએ જે મનુષ્યો અહીં આવી સ્નાન કરશે અને ભગવાન શ્રીદેવગદાધરનાં દર્શન કરશે તેઓને પ્રભાસ, પ્રયાગ આદિ પુણ્ય તીર્થોના અક્સોવાર યાત્રા કર્યાનું ફળ પ્રાપ્ત થશે."

ઉપરોકત ભાવિકથન અનુસાર જયારે ત્રેતાયુગ આવ્યો ત્યારે અયોધ્યામાં સત્યવાદી અને પુણ્ય શ્લોક મહારાજા હરિશ્ચંદ્રનું રાજ્ય હતું. રાજા હરિશ્ચંદ્રને કોઈ સંતાન નહોતું. આથી કુલગુરુ વશિષ્ઠે રાજાને ગદાધરક્ષેત્ર કે જ્યાં મેષાવતી (મેશ્વો ) નદી, નાગહ્દ (નાગધરો), ઔદુંમ્બર અને હારીત મુનિના આશ્રમો આવેલા છે તેવા રમણીય અને પાવન ક્ષેત્રમાં જઈ, ત્યાં રહેતા મુનિશ્વરોની આજ્ઞાથી પુત્રપ્રાપ્તિ માટે યજ્ઞ કરવાની સલાહ આપી. આથી રાજા હરિશ્ચંદ્ર સપરિવાર વશિષ્ઠની સાથે ગદાધરક્ષેત્રમાં ઔદુમ્બર મુનિના આશ્રમે આવ્યા. ઔદુમ્બેર મુનિની સંમતિ મેળવી, યજ્ઞ કરવોનો સંકલ્પ કરી, વિદ્વાન બ્રાહ્મણો પાસે પુત્રપ્રાપ્તિ અર્થે યજ્ઞ કરાવ્યો આ સંબંધમાં સ્કંદ પુરાણના હરિશ્ચંદ્ર આખ્યાનના બાવીસમાં અધ્યાયના અંતે "શ્રીસ્કંદ્પુરાણે રુદ્રગયોપાખ્યાને નારશોનક સંવાદે હરિશ્ચંદ ઔદ્મ્બર સંવાદે રાજસૂયયજ્ઞ નામ દ્વાવિશોધ્યાય": એવો ઉલ્લેખ છે.

રાજા હરિશ્ચાદે યજ્ઞ કરાવવા માટે ગદાધરક્ષેત્રમાં વિશાળ જગા પસંદ કરી, યજ્ઞ રક્ષાર્થે ચોતારક કોટ બાધવાનો પ્રારભ કર્યો હતો. પરંતુ દિવસે ચણેલો કોટ રાત્રે પડી જતો હતો. રાત્રે રાજાને સ્વપ્નમાં કુળદેવી સર્વમંગલાએ આજ્ઞા કરી : "હે રાજા ! હું તારી કુળદેવી ગોત્રમાતા છું. પ્રત્યેક કાર્યના આરંભમાં કુળદેવીનું પૂજન કરવું જેઈએ. યજ્ઞના આરંભે તમે મને વિસરી ગયા છો.

આથી આ કોટ હું જ પાડી નાખું છું. આવતીકાલે સવાર ગદાધરક્ષેત્રમાં આવેલા હરશૈલ પર્વત પર આવી મારું પૂજન અર્ચન કરીને પછીજ કોટ ચણવાનો આરંભ કરજો આથી તમારો સંકલ્પ કરેલો યજ્ઞ નિર્વિઘ્નપણે પૂર્ણ થશે.”

બીજી દિવસે સવારે સ્વપ્રમાં થયેલી આજ્ઞાનુસાર રાજા હરીશ્ચદ્ર હરશૈલ પર્વત પર જઈ કુળદેવી સર્વમંગલાની વિધિસર પૂજા કરી અને ગદાધરક્ષેત્રમાં વિશાળ જગા પર કોટ નિર્માણ કરી પછી યજ્ઞનો આરંભ કર્યો:

યજ્ઞની પૂર્ણાહુતિમાં યજમાન બ્રાહ્મણોનું પોષણ કરવાનો આદેશ આપ્યાનો ઉલ્લેખ પણ હરિશ્ચંદ્ર આખ્યાનના ત્રેવીસમા અને ચોવીસમાં અધ્યાયમાં છે. યજ્ઞકાર્ય સમાપ્ત થયા પછી ઔદુમ્બર મુનિની સંમતિથી રાજા હરિશ્ચન્દ્રે બ્રાહ્મણો તથા વણિકોને સુખપૂર્વક રહેવા માટે અહી ગદાધરક્ષેત્રમાં હરિશ્ચન્દ્રપુરી નામે વિશાળ નગરી વસવી હતી. આ નગર કલ્પગ્રામ અથવા રુદ્રપુરી નામે પણ પ્રસિદ્ધ થયું હતું. જે હાલમાં શામળાજી નામજગવિખ્યાત છે.

## •નીમાજ્ઞાતિનો ઉદ્ ભવ અને વિકાસ •

યજ્ઞસમાપ્તિ પછી કેટલાક બ્રહાણો અને વણિકો હરશૈલ પર્વત ઉપર હરીતમુનીના આશ્રમે રહ્યા, જે હરસોલા કહેવાયા, જયારે ઔદુમ્બરમુનિના આશ્રમે રહેલા બ્રાહ્મણો ઔદુમ્બેર કહેવાયા.(જુઓ શ્રીમદ્દગદાધર માહાત્મ્ય અધ્યાય ૧૯ શ્લોક ૩૩/૩૪)

રાજા હરિશ્ચંદ્ર યજ્ઞમાં યજમાન બ્રાહ્મણોને આવશ્યક સામગ્રી પૂરી પાડવાનું કાર્ય વણિકોને સોપ્યું હતું અને તેઓએ નિયમ પ્રમાણે તે કાર્ય સંપૂર્ણપણે પાર પાડયું હતું. વિશેષમાં યજ્ઞસમાપ્તિ બાદ રાજા હરિશ્ચંદ્ર ઔદુમ્બર મુનિના આશ્રમે રહેલા પ્રત્યેક બ્રાહ્મણની આજીવિકા વહન કરવાની જવાબદારી બે બે વણિકોને સોપી હતી.ઔદુમ્બર બ્રાહ્મણોનું આ સેવાકાર્ય નિયમાનુસાર વણિકોએ સંપન્ન કર્યું હતું. આથી આ વણિકો “**નિયમા વૈશ્યા**” અર્થાત્ નિયમ મુજબ કાર્ય કરનારા વણિકો કહેવાયા. “**નિયમા વૈશ્યા**” નું સમયાંતરે અપભ્રંશ થઇ “**નીમા વાણિયા**”. એવું નામકરણ થયું.

વિશેષમાં રાજા હરિશ્ચંદ્રના યજ્ઞની પરિચર્યામાં રોકાયેલા આ વણિકોના વ્યાપાર, સમૃદ્ધિ, સંસ્કાર આદિ જોઇને ઔદુમ્બર મુનિએ તેઓના ગોત્ર, કુળદેવ અને કુળદેવી નક્કી કરી આપ્યા હતા. આ સર્વ હકીકત હરિશ્ચંદ્ર આખ્યાનના ૨૨/૨૩ અને ૨૪ અધ્યાયોમાં છે. વિશેષમાં શ્રીમદ્દગદાધર માહાત્મ્યના અધ્યાય ૧૯ ના શ્લોક ૪૭/૪૮ માં પણ આવો ઉલ્લેખ છે. આથી રાજા હરિશ્ચંદ્રના સમયથી જ નીમા જ્ઞાતિના કુળદેવ ભગવાન શ્રીદેવગદાધર અને કુળદેવી સર્વમંગલા પ્રસ્થાપિત થયેલા છે. હાલમાં સમગ્ર નીમા જ્ઞાતિના કુળદેવ ભગવાન શ્રીદેવગદાધર શામળાજીમાં પ્રગટ બિરાજે છે. પરંતુ કુળદેવી સર્વમંગલા હજુ અપ્રગટ છે.

શામળાજી નજીક આવેલ પર્વત ઉપર **"ભાઈબહેનની ડેરી"** નામે જાણીતા ઐતિહાસિક સ્થળમાં આ સર્વમંગલા દેવીનું સ્થાનક છે એવો અભિપ્રાય મોડાસાના વતની અને સુપ્રસિદ્ર ગુજરાતી સાહિત્યકાર રમણલાલ સોની ધરાવે છે. **(જુઓ "શામળાજી" લેખક : રમણલાલ સોની, ૨-જી આવૃત્તિ સને ૧૯૫૫ પૃ. ૧૨)** વિશેષમાં હરસોલા વણિક જ્ઞાતિના કુળદેવ પણ શ્રીશામળાજી ભગવાન અને કુળદેવી સર્વમંગલા છે. હાલમાં તલોદ સ્થિત હરસોલા જ્ઞાતિના વૈષ્ણવ મંદિરમાં સર્વમંગલા દેવીની મૂર્તિ બિરાજે છે. ઉપરોક્ત ઐતિહાસિક સત્યો પરથી સ્પષ્ટ થાય છે કે રાજા હરિશ્વંદ્ર સમયથી જ નીમા જ્ઞાતિનું અસ્તિત્વ છે.

જ્ઞાતિ એટલે સમાન જ્ઞાન અને સમાન આચાર-વિચાર-વ્યવહાર ધરાવનાર વ્યક્તિઓનો સમૂહ. વર્તમાન સમયમાં નષ્ટપ્રાય થતી જતી સંસ્કૃતિ, સંસ્કાર અને જ્ઞાતિરીવાજોના સંરક્ષણ માટે જ્ઞાતિપ્રથા અનિવાર્ય છે. હિન્દુ સમાજના વિવિધ અંગ સ્વરૂપ નાના મોટા જ્ઞાતિસમાજો જો સુસંગઠિત બને તો અંતે સમગ્ર હિન્દુ સમાજ ઉન્નત થઈ શકે તેમ છે. જ્ઞાતિ એટલે કોઈ સંકુચિત વાડો કે બંધન માની તેની ઉપેક્ષા કરવી સર્વથા ઉચિત નથી જ.

પ્રાચીન કાળમાં વર્ણ વ્યવસ્થા હતી. તેનો મૂળભૂત હેતુ, વર્ણાશ્રમની આચાર - વિચાર પરંપરા જાળવવાનો અને તદ્દનુસાર સ્વધર્માચરણનો હતો. દેશકાળવશાત્ ચારે વર્ણોની વ્યવસ્થા નિયમોમાં પરિવર્તન થતાં **'ચારવર્ણ'** ને સ્થાને **'અઢાર વર્ણ'** શબ્દ પ્રચલિત બન્યો . પરિણામે વિવિધ જ્ઞાતિઓ અસ્તિત્વમાં આવી, વર્ણવ્યવસ્થામાં ક્ષત્રિયો પછી વૈશ્યોનું સ્થાન હતું, વૈશ્યોનું કર્મ ખેતી, પશુપાલન અને વાણિજય હતું. જેઓ વાણિજ્ય અર્થાત વ્યાપાર કરતા તે વણિક કહેવાયા, તેનું વ્યવહારિક નામ વાણિયા થયું. વણિક શબ્દ જે મૂળ વાણિજ્ય સૂચક હતો તે કાળે કરીને જ્ઞાતિસૂચક બની ગયો આ પ્રમાણે નીમા જ્ઞાતિ પણ ચાતુર્વણ્ય અંતર્ગત વૈશ્ય વર્ણનો જ એક ભાગ છે.

વર્તમાન શામળાજી ની આસપાસ દ્રષ્ટિગોચર થતા ખંડેરો, ઈંટો,ઈમારતો વગેરે પરથી ભૂતકાળમાં અહી એક વિશાળ નગર અસ્તિત્વમાં હતું તેવું ચોક્કસ અનુમાન થાય છે. તે સમયમાં નીમા વણિકો અને તેમના કુલગુરુ ઔદુમ્બર બ્રાહ્મણોની અહી વિપુલ વસ્તી હતી. કોઈ નૈસર્ગિક કારણોસર અથવા વિધર્મીઓના આક્રમણથી આ નગરનો નાશ થયો હશે એમ અનુમાન કરી શકાય છે. પરિણામે નીમા વણિકો અને ઔદુમ્બર બ્રાહ્મણો સ્થળાતર કરી જુદે જુદે સ્થળે જઈને વસ્યા હશે. હાલમાં નીમા જ્ઞાતિના વણિકોની વસ્તી ગુજરાતના મોડાસા, મેઘરજ, લુણાવાડા, મહુધા, કપડવંજ, બાલાસિનોર, વીરપુર, બારીયા વગેરે સ્થળોએ છે. વિશેષમાં મધ્યપ્રદેશના ખરગોન, ઇન્દોર, જબલપુર વગેરે સ્થળોમાં તેમજ મહારાષ્ટ્રમાં પણ નીમા જ્ઞાતિના વણિકો વસે છે.

## • દશા અને વીશા •

મહારાજ હરિશ્ચંદ્રના યજ્ઞની પરિચર્યામાં નીમાયેલા વણિકો **'નિયમા વૈશ્યા'** અર્થાત્ **'નીમા વાણિયા'** કહેવાયા.

વિ. સં. ૧૨૭૫ માં વસ્તુપાળ અને તેજપાળે ધોળકા મુકામે ગુજરાતની સમગ્ર વણિક જ્ઞાતિને એક ભવ્ય ભોજન પ્રસંગે આમંત્રિત કરી હતી. કહેવાય છે કે કોઈ અનિચ્છનીય બહાના હેઠળ દશા અને વિશા એવા બે ભેદ ત્યારે પાડવામાં આવેલા.સં. ૧૨૭૫ માં આબુ પર્વત ઉપર યોજાયેલ વણિક સંમેલનમાં પણ એકત્ર થયેલજ્ઞાતિઓમાં નીમા જ્ઞાતિનું નામ હતું. આથી સં. ૧૨૭૫થી નીમા વણિક જ્ઞાતિનીવસ્તી ગુજરાતમાં અસ્તિત્વ ધરાવે છે. એમ ચોક્કસપણે કહી શકાય તેમ છે.

## • વીશા શબ્દનો અર્થ •

'વીશા' એ શબ્દ સંજ્ઞાસૂચક છે. ધાતુમાં શુદ્ધ અને અશુધ્ધ માપ 'આની' થી થાય છે. જેમાં સંપૂર્ણ શુદ્ધ હોય તો સોળઆની અને તેનાથી ઓછું શુદ્ધ હોય તો પંદર, ચૌદ, તેર આની વગેરે બોલાય છે તેવી રીતે મનુષ્યમાં પણ તેના સ્વભાવ, ગુણ માનસિક સ્થિતિ, આચાર, વિચાર વગેરેનું માપ 'વશા' થી મપાય છે. જે સર્વસદગુણયુક્ત હોત તે 'વીસ વશા' નો માણસ કહેવાય છે. આ પ્રમાણે 'અંકસંજ્ઞાપ્રમાણ' પદ્ધતિ પ્રાચીનકાળથી ચાલી આવેલી છે. આ મુજબ 'વીશા' એટલે સંપૂર્ણ ગુણવાન, બુદ્ધિમાન અને વ્યવહારકુશળ એવો અર્થ થાય છે.

## • ધર્મ અને સંપ્રદાય •

ભારતવર્ષની સમગ્ર પ્રજા અનાદિકાળથી વૈદિક ધર્મ (સનાતન ધર્મ)ને અનુસરતી હતી. જૈન ધર્મના ઉદ્દભવ અને વિકાસ પછી મોટાભાગનો વૈશ્ય વર્ણ જૈનધર્માવલંબી બન્યાનું જણાય છે. પરંતુ જૈન ધર્મના વધુ પડતા ઇન્દ્રિયદમન, આચાર-વિચારની અશુદ્ધતા, હિંસા-અહિંસાના સાચા જ્ઞાનનો અભાવ તથા નિરીશ્વરવાદના સિદ્ધાંતોને વિક્રમના પંદરમા-સોળમા સૈકામાં પ્રગટ થયેલા ભક્તિમાર્ગના આચાર્યોએ હચમચાવી નાખ્યા. વિ. સં. ૧૫૩૫માં પ્રગટ થયેલા શ્રીમહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી અને આપશ્રીના પ્રતાપી એવં વિદ્વાન વંશજો દ્વારા વૈદિક ધર્મ અને સંસ્કૃતિ-સંસ્કાર- સદાચારનું યથાર્થ જ્ઞાન ઉપલબ્ધ થતાં મોટાભાગના નીમા વણિકો વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓ બન્યા હતા. આમ છતાં નીમા જૈન વણિકો અને નીમા વૈષ્ણવ વણિકો વચ્ચે રોટી-બેટી વ્યવહાર ચાલુ રહેવા પામ્યો હતો. પરંતુ શ્રીમદ્ ગોકુલના ચતુર્થ પીઠાધીશ્વર નિ.લી.ગો. શ્રી લક્ષ્મણલાલજી મહારાજના સમયથી નીમા જૈન વણિકો તથા નીમા વૈષ્ણવ વણિકો વચ્ચેનો રોટી-બેટી વ્યવહાર સંદતર બંધ થયાનું જણાય છે.

સાંપ્રત સમયની વિધમાન નીમા જ્ઞાતિ બે ધર્મમા વહેચાયેલી છે : (૧) જૈન ધર્મ અને (૨) હિન્દુ વૈષ્ણવ ધર્મ. વ્યવહરિક પ્રથામાં દશા અને વીશા એવા બે પેટા ભાગ પણ છે. પરંતુ સમગ્ર

નીમા વણિક જ્ઞાતિના કુળદેવ શ્રી શામળાજી દેવગદાધર ભગવાન છે અને કુળદેવી સર્વમંગલા છે. સમગ્ર નીમા જ્ઞાતિમાં કુળગોર ઔદુમ્બર બ્રાહ્મણો છે, પછી ભલે નીમા વણિક જૈન ધર્માનુયાયી હોય કે વૈષ્ણવ ધર્માનુયાયી હોય.

## •ગોત્ર•

ગોત્ર એટલે કુળ, વંશ, પરંપરા વગેરે અર્થ થાય છે. ગોત્ર એટલે અમુક પુરુષોનો વંશ. પછી તે મૂળ પુરુષના નામથી હોય અથવા વ્યવસાય, વિશિષ્ટ સ્થાન અથવા કોઈ રૂઢિગત નામ પરથી પ્રચલિત બન્યો હોય. સમાજવ્યવસ્થા અહર્નિશ અને નિયમબદ્ધ ચાલુ રહે તે માટે ગોત્ર વ્યવસ્થા અનિવાર્ય છે. ઔદુમ્બર મુનિએ નીમા જ્ઞાતિના ગોત્ર નક્કી કરી આપેલ છે . આજે પણ લગ્ન આદિ શાસ્ત્રોકત સંસ્કાર વખતે ગોત્રોચ્ચાર સમયે “નીમા જ્ઞાતિય હરિશ્ચંદ્ર સ્થાપિત મણીઆણા ગોત્રસ્ય....” એ પ્રમાણે બોલાય છે. મરણોત્તર ક્રિયામાં તેમજ અન્ય ષોડશ આદિ સંસ્કારોના સમયે પણ ગોત્રજ્ઞાન હોવું આવશ્યક હોય છે.

મૂળ પુરુષથી લઈને એકવીસ પેઢી સુધીના સ્ત્રીપુરુષો સગોત્ર ગણાય છે. આવા સ્ત્રીપુરુષોમાં ચોક્કસ પ્રકારના શારીરિક ગુણધર્મો જન્મ સાથે જ વારસાગત ઉતરી આવે છે. એક જ ગોત્રના સ્ત્રીપુરુષના લગ્નસંબંધથી ભાવિ સંતાનમાં કેટલાક અસાધ્ય રોગો જેવા કે ગાંડપણ, કોઢ, મધુપ્રમેંહ, એલર્જી વગેરે થવાની સંપૂર્ણ શક્યતા રહે છે. આધુનિક જીનેટીક વિજ્ઞાને પણ આ સત્ય પૂરવાર કર્યું છે. આથી જ અપણા શાસ્ત્રકારોએ સગોત્ર લગ્નસંબંધનો સંપૂર્ણ નિષેધ કર્યો છે.

રૂદ્રગયોપાખ્યાનના ચોવીસમાં અધ્યાયના શ્લોક ૫૮ થી ૯૧ સુધી અનુક્રમે નીમા જ્ઞાતિના ત્રીસ ગોત્રોના નામ આપેલા છે. વિશેષમાં શ્રીમદ્દગદાધર માહાત્મ્યના અધ્યાય ૨૨ ના શ્લોક ૧૫ અનુસાર નીમા જ્ઞાતિના બત્રીસ ગોત્રો છે. જેનું વિસ્તૃત કોષ્ટક પણ આપેલ છે. ઉપરોક્ત બને ગ્રંથોમાં ગોત્રના નામોનો પાઠભેદ જેવા મળે છે. વિશેષમાં આ બંને ગ્રંથો પરથી ગોત્ર સંખ્યા આડત્રીસ થાય છે.

આ સાથે આપેલ કોષ્ટકમાં ગોત્રના મૂળ સંસ્કૃત નામ, અર્થ, હાલમાં લોકભાષામાં પ્રચલિત ગોત્રનામ અને સંબંધિત કુંટુંબના નામોની પ્રાપ્ત માહિતી દર્શાવી છે. જેને ગોત્રનામની માહિતી ન હોય તે વ્યક્તિ “કશ્યપ” ગોત્ર કહી શકે છે.

# નીમા જ્ઞાતિના ગોત્રો

| અ.ન. | ગોત્રનું સંસ્કૃત નામ | હાલનું પ્રચલિત નામ | ગોત્રનો ગુજરાતી શબધાર્થ | હાલના કુંટુબો |
|---|---|---|---|---|
| ૧. | ધૃતાનયનકમ્ | ધ્રીઆણા | ઘીનો વેપાર કરનાર | |
| ૨. | શખિક | સાખી | શંખ જેવી પવિત્ર વસ્તુઅઓનો વેપાર કરનાર | મેઢાંસણના કાવઠિયા કુટુંબો |
| ૩. | કુષ્ટાનકમ્ | કઠલાણા | ભૂમિસંબંધી નિર્ણય કરનાર અને વેપાર કરનાર | ૧.સૈધાવાડા ગાંધી કુટુંબો ૨.કટકીયાવાડનાં ગાંધી પરસોત્તમ ધનજીનાં કુટુંબો ૩.સાકરીયાનાં ગાંધી કુટુંબો |
| ૪. | ગુડાનયનકમ્ | ગુડાણકં | ગોળનો વેપાર કરનાર | -- |
| ૫ | મણ્યાનયનકમ્ | મણીઆણાં | મણી, હીરો રત્નોનો વેપાર કરનાર | ૧. વખારની ખડકીના શેઠ કુટુંબો નાગર મકન અને મનોર મકનનાં વંશજો. ૨.ગોકળ શેઠનાં કુટુંબીઓ |
| ૬ | દધ્યાનયનકમ્ | દહીંઆણાં | દૂધ દહીં વગેરેનો વેપાર કરનાર | -- |
| ૭ | મહ્યાનયનકમ્ | મહીઆણાં | જમીનને ઉપયોગી બનાવનાર | -- |
| ૮ | ન્યાયાનયનકમ્ | નૈયાણક | ન્યાય કરનાર | -- |
| ૯ | રાયાનયનકમ્ | રહીઆણાં | ધન/સોનું લાવનાર | -- |
| ૧૦ | ગુર્વાનયનકમ્ | ગરીઆણાં | ગુરૂપૂજક, ઉદાર, સહાય કરનાર | -- |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧ | હર્યાનયનકમ્ | હરીઆણાં | ઘોડા લાવનાર/વેચનાર | -- |
| ૧૨ | કંબલાનયનકમ્ | કંબલાણા | ધાબળા/શાલ/બનાવનાર અને વેચનાર | -- |
| ૧૩ | ચંપકાનયનકમ્ | ચંપાણક | ચંપાના પુષ્પોનો વેપાર કરનાર | -- |
| ૧૪ | માંણીક્યાંનયનકમ્ | માંણીકકાણા | માણેક વગેરે રત્નોનો વેપાર કરનાર | -- |
| ૧૫ | કચ્છા શ્વાનયનકમ્ | કચ્છીઆણાં | કચ્છમાંથી ઘોડા લાવનાર/વેચનાર | -- |
| ૧૬ | વિદ્યાનાનયનકમ્ | વીડવાણા | શાસ્ત્રવિદ્યાનો બતાવનાર | -- |
| ૧૭ | કુઠકમ્ | કઠ | સુગંધી દ્રવ્યોના વેપારી | -- |
| ૧૮ | કુરાનયનકમ્ | કુટાણકં | લોખંડની વસ્તુઓના વેપારી | -- |
| ૧૯. | ચિક્કાનયનકમ્ | ચીખલાણા | સહનશીલ ધૈર્યવાન | -- |
| ૨૦. | દત્તાનયનકમ્ | દત્તાણું | ધીર ધાર કરનાર | -- |
| ૨૧. | વિદ્રુમાનયનકમ્ | વિદ્રુમાણકં | વિદ્રુમ વગેરેનો વેપાર કરનાર | -- |
| ૨૨. | કટવાનયનકમ્ | કડુઆણા | કડવી/તીખી વસ્તુઓનો વેપાર કરનાર | કોકાપુરના શેઠ કુટુંબો |
| ૨૩. | વડવાનયનકમ્ | વડવાણું | વડવાનલ/અગ્નિનું જ્ઞાન ધરાવનાર | -- |
| ૨૪. | યાનાનયનકમ્ | જાણાણકં | વાહનવ્યવહારનાં સાધનો રાખનાર /વેચનાર | -- |
| ૨૫. | નીરાનયનકમ્ | નીરણું | જળમાર્ગ વેપાર કરનાર | -- |
| ૨૬. | મંડનાનયનકમ્ | મંડઆણ | દાગીના/અલંકાર વગેરેના વેપારી | -- |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭. | કચાનયનકમ્ | કચલાણા | ઉન,કૈશ વગેરેના વેપારી | મોડાસાના મોદી કુટુંબો |
| ૨૮. | માનાનયનકમ્ | મયાણકં | તોલ/માપનું નિયમન કરનાર | -- |
| ૨૯. | ગુડધાનાનયનકમ્ | ગુલદાણા | ગોળ/ધાણા નો વેપાર કરનાર | -- |
| ૩૦. | મંચાનયનકમ્ | મંચઆણા | મંચ/સભામંડપ વગેરે રચનાર | -- |
| ૩૧. | ખરિકાનયનકમ્ | ખરીઆણા | કસ્તુરી વગેરે વેચનાર | -- |
| ૩૨. | જીવાનયનકમ્ | જીયાણકં | અન્યને જીવનદાન આપનાર | -- |

## : નોંધ :

**ઉપરોક્ત બત્રીસ ગોત્રો ઉપરાંત શ્રીમદ્દગદાધર નીચેના છ ગોત્રો પણ જોવા માળે છે**